પ્ર.૨

(અ) આડતમાલ અને વેચાણ વચ્ચેનો તફાવત વર્ણવો. (૦૫)

(બ) અજમેરના અરવિંદે જયપુરના રાકેશને ૫૦૦ ખુરશીઓ રૂા. ૨૦૦ના ભાવે આડતથી વેચવા મોકલી. અરવિંદે ગાડાભાડુંના રૂા. ૫૦૦૦, વીમાના રૂા. ૨૦૦ અને નૂરના રૂા. ૧૫૦૦ ચૂકવ્યા. રાકેશે બધો માલ મેળવ્યો અને તેમણે અરવિંદને રૂા. ૨૦૦૦૦ની હૂંડી મોકલી જે અરવિંદે રૂા. ૧૯૮૦૦માં વટાવી. રાકેશે જાહેરાતના રૂા. ૨૫૦૦ ચૂકવ્યા અને રૂા. ૨૦૦૦ જકાતના ચૂકવ્યા. રાકેશ ૫% લેખે કમિશન અને ૨% આસામી આડત મેળવવા હકદાર છે. (૧૦)

વેચાણ આંકડા મુજબ ૨૫૦ ખુરશીઓ રોકડેથી રૂા. ૨૫૦ના ભાવે વેચી. જ્યારે ૨૦૦ ખુરશીઓ રૂા. ૩૦૦ના ભાવે ઉધાર વેચી. ઉધાર વેચાણ પૈકી ૧૦ ખુરશીના ગ્રાહકે ૬૦% રકમ ચૂકવી શક્યા. બાકીની તમામ રકમ દેવાદારો પાસેથી મળી ગઇ. અંતે, રાકેશે, અરવિંદને રોકડ ચૂકવી ખાતું ચૂકતે કર્યું.

તમારે અરવિંદના ચોપડે આડતમાલ ખાતું તૈયાર કરવાનું છે.

પ્ર.૩

(અ) વર્ણવો : રાશ અને ભાગીદારી. (૦૫)

(બ) P, Q અને R સંયુકત સાહસમાં જોડાયા. P પોતાના સ્ટોકમાંથી રૂા. ૧૫૦૦૦નો માલ આપે છે. Q અને R અનુક્રમે રૂા. ૧૮૦૦૦ અને રૂા. ૨૪૦૦૦ રોકડા મૂડી તરીકે આપે છે. P રૂા. ૩૦૦૦૦નો માલ ૫%ના વેપારી વટાવે ખરીદે છે. આ અંગે તે ખર્ચના રૂા. ૩૦૦૦ ચૂકવે છે. રૂા. ૧૫૦૦૦નું ઉધાર વેચાણ કરે છે. અને રૂા. ૬૦૦૦૦નું રોકડ વચાણ કરે છે. ઉધાર વેચાણની ઉઘરાણી P ને ચૂકતે હિસાબે રૂા. ૧૪૪૦૦ મળી છે. રાશના ધંધાનું સંચાલન P કરે છે. P એ કમિશનના રૂા. ૯૦૦ કાપી બીજા ભાગીદારોની બાકી રકમ ચૂકવી ધંધો બંધ કર્યો. Pના ચોપડે જરૂરી ખાતાં બનાવો. (૧૦)

**અથવા**

પ્ર.૩ સંજય અને સારિકા તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ના રોજ ૩:૨ના ભાગે રાશના ધંધામા જોડાયા. તેમણે તેમના સંયુકત બેંક ખાતામાં અનુક્રમે રૂા. ૧૫૦૦૦૦ અને રૂા. ૯૦૦૦૦ જમા કરાવ્યા. અને ઠરાવ્યું કે સંયુકત બેંક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો. જ્યારે રાશના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. સંજયને સામાન્ય વહીવટ માટે મહિને રૂા. ૬૦૦ લેખે પગાર આપવાનો છે. અને સારિકાને તેણે કરેલા વેચાણ પર ૫% કમિશન આપવાનું છે. (૧૫)

સંજયે રૂા. ૧૯૫૦૦૦ની કિંમતનો માલ ખરીદ્યો અને ખર્ચના રૂા. ૧૫૦૦૦ ચૂકવ્યા. સારિકાએ કેટલોક માલ રૂા. ૧૮૦૦૦૦માં વેચ્યો અને વેચાણ ખર્ચના રૂા. ૧૫૦૦ ચૂકવ્યા. રૂા. ૬૦૦૦૦ની કિંમતનો નહીં વેચાયેલો માલ સંજયે રાખી લીધો. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.

ઉપરના વ્યવહારો નોંધવા માટે જરૂરી ખાતાં તૈયાર કરો.

પ્ર.૪ નીચેની માહિતી રાહુલ દ્વારા પુરી પાડવામાં આવે છે.

(૧) (૧૫)

| મિલકતો અને દેવા | ૩૧-૧૨-૨૦૧૫ (રૂા.) | ૩૧-૧૨-૨૦૧૬ (રૂા.) |
|---|---|---|
| રોકડ | ? | ७८०० |
| સ્ટોક | ૨૦૦૦૦ | ૨૨૦૦૦ |
| દેવાદારો | ? | ૩૦૦૦૦ |
| લેણદારો | ૨૨૦૦૦ | ? |
| ફર્નિચર | ૬૦૦૦ | - |